# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## નોટીસ

## ધાર્મિક લઘુમતિ શિષ્યવૃતિ વર્ષ: ૨૦૨૦-૨૧

યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં અભ્યાસ કરતા ધાર્મિક લઘુમતિના વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે ધાર્મિક લઘુમતિ સ્કોલરશીપના ફોર્મ ઓનલાઇન ભરવાના હોવાથી નીચે જણાવેલ વેબસાઇટ લોગઇન કરીને ફોર્મ ભરવાના રહેશે. અરજી કરવાની છેલ્લી **તા: ૩૧/૧૦/૨૦૨૦** છે. તે ફોર્મની એક કોપી વિભાગીય વડાના સહી-સિક્કા કરાવી જરૂરી દસ્તાવેજો સાથે સ્કોલરશીપ વિભાગમાં જમા કરાવવાની રહેશે. આ પ્રકિયા ઓનલાઇન હોવાથી હાર્ડકોપીની નકલ વિદ્યાર્થી પોતાની પાસે રાખી શકશે. આ યોજનાનો લાભ લઘુમતિ કોમના (મુસલમાન, ખ્રિસ્તિ, શીખ, જૈન, પારસી અને બૌદ્ધ) ધર્મના વિદ્યાર્થીઓને જ મળવા પાત્ર છે. વધુ માહિતી માટે આપેલ વેબસાઇટનો સંપર્ક કરવો.

**વેબસાઇટ : - www.scholarships.gov.in**

ઓન લાઇન અરજી જમા (સબમીટ) કરવા માટેનુ એડ્રેસ : SARDAR PATEL UNIVERSITY, VALLABH VIDYANAGAR.

**હાર્ડ કોપી સાથે બિડાણ કરવાના દસ્તાવેજો ની યાદી:-**

૧. જાતિનો દાખલો અથવા વિદ્યાર્થી દ્વારા જાતિનું સ્વયં ઘોષણા
૨. આવકનો દાખલો. (મામલતદાર, ટી.ડી.ઓ, ચીફ ઓફીસરનો જ માન્ય) તા:૦૧/૦૪/૨૦૧૮ પછી નો (રૂા. ૨,૦૦,૦૦૦/- કે તેથી ઓછી). અથવા વિદ્યાર્થી દ્વારા આવક પ્રમાણપત્ર સ્વયં ઘોષણા.
૩. ઇન્સ્ટીટ્યૂટ વેરીફિકેશન ફોર્મ.
૪. ધોરણ ૧૦ થી લઇને અત્યાર સુધીની તમામ માર્કસીટ
૫. અભ્યાસમાં તુટ પડેલ હોય તો તેની એફિડેવિટ.
૬. હોસ્ટેલમાં રહેતા હોયતો તેની ફી ભર્યાની રસીદ.(અરજીફોર્મમાં ગૃહપતિના સહિ-સિક્કા)
૭. સંબંધિત અભ્યાસક્રમની વર્ષ: ૨૦૨૦-૨૧ની ફી ભર્યાની રસીદ.
૮. વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઇઝનો ફોટો.
૯. આધાર કાર્ડની નકલ (આપેલ બેંક ખાતા સાથે સીડીંગ કરાવેલ હોવું જોઇએ.)
૧૦. કોઇપણ નેશનલ બેંક ખાતાની પાસબુકમાં ખાતા નંબર, નામ અને સરનામાની વિગતો દર્શાવતા પાનની બે નકલ જોડવી. (**જનધન ખાતાનો ઉપયોગ શિષ્યવૃતિ મેળવવા માટે માન્ય રાખવામાં આવશે નહિ જેની નોંધ લેવી.**)
૧૧. રહેઠાણનું પ્રમાણપત્ર
૧૨. બોના-ફાઇડ સર્ટીફિકેટ.

**ખાસ નોંધ:-**

- ફક્ત અનુસ્નાતક (પી.જી) વિભાગના લઘુમતિ જાતિના વિદ્યાર્થીઓ માટે જ આ નોટીસ છે.
- આ શિષ્યવૃતિ માટે અરજી કરનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિનો લાભ મળવા પાત્ર નથી.
- વિદ્યાર્થીઓએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૫૦% થી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.
- વિદ્યાર્થીના કુટુંબમાં વધુમાં વધુ બે સંતાનો ને આ શિષ્યવૃતિનો લાભ મળવા પાત્ર છે.

નંબર : એન/ધા.લ.સ્કો./૨૦૨૦-૨૧/1694
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૨૧/૦૮/૨૦૨૦

નાયબ કુલસચિવ

**નકલ રવાના :-**

૧. વડાશ્રી, અનુસ્નાતક વિભાગ તરફ સંબંધિત વિદ્યાર્થીઓને જાણ માટે,
નોટીસ બોર્ડ પર મુકવા માટે.
૨. નિયામકશ્રી, જી. એચ. પટેલ કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, યુનિવર્સિટી વેબ-સાઇટ પર મૂકવા માટે

D:Scholarship\Minority\NOTICE\2013-14 Notice.doc